Letter No: ED/0505/07/2023 Dt: 24-07-2023

"જ્ઞાન સહાયક યોજના" હેઠળ જ્ઞાન સહાયકોની નિમણૂંક ન થાય ત્યાં સુધી રાજ્યની સરકારી/બિન સરકારી અનુદાનિત શાળાઓમાં સને ૨૦૨૩-૨૪ના શૈક્ષણિક વર્ષ માટે પ્રવાસી શિક્ષકોની પ્રવર્તમાન યોજના ચાલુ રાખવા બાબત.

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ,
ઠરાવ ક્રમાંક: ED/MIS/e-file/3/2022/0011/G
સચિવાલય, ગાંધીનગર.

**વંચાણે લીધા:-**

1. શિક્ષણ વિભાગનો તા.૨૧/૧૨/૨૦૧૫ નો ઠરાવ ક્રમાંક: બમશ-૧૦૧૪-૧૪૦-ગ
2. શિક્ષણ વિભાગનો તા.૨૨/૧૧/૨૦૨૨ના ઠરાવ ક્રમાંક: બમશ-૧૦૧૪-૧૪૦-ગ
3. શિક્ષણ વિભાગનો તા.૧૦/૦૭/૨૦૨૩નો ઠરાવ ક્રમાંક: બમશ-૧૦૧૪-૧૪૦-ગ(પા.ફા.)
4. નિયામક શાળાઓની કચેરીનો તા.૦૫/૦૭/૨૦૨૩નો પત્ર ક્રમાંક: ઘ/માધ્ય/અનદ-૧/૨૦૨૩/૮૯૧૨

**આમુખ:-**

શિક્ષણ વિભાગના વંચાણે લીધેલ ક્રમાંક (૧) સામેના તા.૨૧/૧૨/૨૦૧૫ ના ઠરાવથી સરકારી અને અનુદાનિત પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં મંજૂર શિક્ષકોની જગ્યા નિયમિત શિક્ષકથી ભરાય નહી ત્યાં સુધી વિદ્યાર્થીઓનું શિક્ષણ કાર્ય અટકે નહીં તે માટે તાસ દીઠ માનદ વેતનથી (Honorarium Per Period) શિક્ષણ કાર્ય કરાવવાની પ્રવાસી શિક્ષક યોજના અમલમાં મુકવામાં આવેલ હતી. શિક્ષણ વિભાગના વંચાણે લીધેલ ક્રમાંક (૨) સામેના તા.૨૨/૧૧/૨૦૨૨ના ઠરાવથી રચાયેલ સમિતિની ભલામણો અન્વયે શિક્ષણ વિભાગના વંચાણે લીધેલ ક્રમાંક (૩) સામેના તારીખ ૧૦/૦૭/૨૦૨૩ના ઠરાવથી "જ્ઞાન સહાયક યોજના" દાખલ કરવામાં આવેલ છે.

પરંતુ શૈક્ષણિક વર્ષ ૨૦૨૩-૨૪ શરૂ થઇ ગયેલ હોઇ તેમજ શિક્ષણ વિભાગના વંચાણે લીધેલ ક્રમાંક (૩) સામેના તા.૧૦/૦૭/૨૦૨૩ ના ઠરાવ મુજબની દ્વિસ્તરીય TAT પરીક્ષાનું મેરીટ લિસ્ટ તૈયાર કરવામાં તેમજ તે અન્વયે જ્ઞાન સહાયકોની નિમણૂંક કરવામાં સમય જાય તેમ હોવાથી વિદ્યાર્થીઓના શૈક્ષણિક કાર્યને અસર ન થાય તે માટે નિયામક શાળાઓની કચેરીએ વંચાણે લીધા ક્રમાંક (૪) સામેના તારીખ ૦૫/૦૭/૨૦૨૩ ના પત્રથી જ્યાં સુધી જ્ઞાન સહાયક યોજના હેઠળ જ્ઞાન સહાયકોની નિમણૂંક ન થાય ત્યાં સુધી જુની પ્રવાસી શિક્ષક યોજનાને ચાલુ રાખવાની મંજુરી આપવા દરખાસ્ત કરેલ, જે બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:-**

પુખ્ત વિચારણાને અંતે, વિદ્યાર્થીઓના શૈક્ષણિક હિતને ધ્યાને લઇ, સને ૨૦૨૩-૨૪ ના શૈક્ષણિક વર્ષ માટે સરકારી/બિન સરકારી અનુદાનિત પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં વચગાળાની વ્યવસ્થાના ભાગરૂપે તાસદીઠ માનદવેતન (Honorarium Per Period) થી શિક્ષણ કાર્ય કરાવવા અંગેની જુની પ્રવાસી શિક્ષક યોજનાને વધુમાં વધુ ૬ માસ અથવા જ્ઞાન સહાયક યોજના અંતર્ગત જ્ઞાન સહાયકોની નિમણૂંકની પ્રક્રિયા પૂર્ણ થાય તે બે માંથી જે વહેલું હોય ત્યાં સુધી ચાલુ રાખવાની આથી સરકારશ્રીની મંજૂરી આપવામાં આવે છે.

આ ઠરાવ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર સરકારશ્રીની તા.૨૧/૦૭/૨૦૨૩ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(એચ.કે.ગોહિલ)
નાયબ સચિવ
શિક્ષણ વિભાગ

નકલ રવાના:

- માન રાજ્યપાલશ્રીના અગ્રસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર
- માન. મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, માન.મુખ્યમંત્રીશ્રીનું કાર્યાલય, સ્વર્ણીમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
- માન.મંત્રીશ્રી(પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ)ના અંગત સચિવશ્રી, માન.મંત્રીશ્રી(પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ)નું કાર્યાલય, સ્વર્ણીમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
- માન.રા.ક.મંત્રીશ્રી(પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ, ઉચ્ચ શિક્ષણ)ના અંગત સચિવશ્રી, માન.રા.ક.મંત્રીશ્રી(પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ, ઉચ્ચ શિક્ષણ)નું કાર્યાલય, સ્વર્ણીમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર
- અગ્ર સચિવશ્રી(ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ)ના અંગત સચિવશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર

Signature Not Verified
Signed by: Hitesh K Gohil
Deputy Secretary
Date: 2023.07.24
17:07:01 +05:30

File No: ED/MIS/e-file/3/2022/0011/G
Approved By: Dr. Vinod R Rao(Secretary,ED)
*Open the document in Adobe Acrobat DC to verify the E-sign*

Scanned with OKEN Scanner

Letter No: ED/0505/07/2023 Dt: 24-07-2023

- સચિવશ્રી(પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ)ના અંગત સચિવશ્રી ,શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટરશ્રી, સમગ્ર શિક્ષા, ગાંધીનગર
- નિયામકશ્રી, શાળાઓની કચેરી, બ્લોક-૯/૧, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- સચિવશ્રી, રાજય પરીક્ષા બોર્ડ, સેકટર-૨૧, ગાંધીનગર
- તમામ જિલ્લા શિક્ષણાધિકારીઓ
- કોમ્પ્યુટર સેલ, શિક્ષણ વિભાગ, સચિવાલય,ગાંધીનગર(ઠરાવ ઓન લાઇન મુકવા સારુ)
- સેકશન અધિકારીશ્રી, ગ-શાખા, ગ-૧ શાખા, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- નાયબ સેકશન અધિકારીની સિલેકટ ફાઇલ-૨૦૨૩
- શાખા સિલેકટ ફાઈલ-૨૦૨૩

Signature Not Verified
Signed by:Hitesh K Gohil
Deputy Secretary
Date: 2023.07.24
17:07:01 +05:30

File No: ED/MIS/e-file/3/2022/0011/G
Approved By: Dr. Vinod R Rao(Secretary,ED)
*Open the document in Adobe Acrobat DC to verify the E-sign*

Scanned with OKEN Scanner